ગોત્રીમાં તંત્ર ઘોરનિદ્રામાં

પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ થયો

શિયાળામાં ચોમાસા જેવો માહોલ; રસ્તા પર પાણી ફરી વળતા વાહનચાલકો સ્લીપ થયા, સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરાઃ શહેરના ગોત્રી વિસ્તારમાં પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. ગોત્રી પાણીની ટાંકીથી યસ કોમ્પ્લેક્સ તરફ જવાના મુખ્ય માર્ગ પર છેલ્લા ત્રણ-ચાર દિવસથી પાણીની લાઈનમાં મોટું ભંગાણ સર્જાયું છે. જેના કારણે હજારો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહી રહ્યું છે, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. મુખ્ય માર્ગ પર પાણી ફરી વળતા શિયાળાની ઋતુમાં પણ ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ગોત્રી ગામ ઠાકોર ફળિયાની સામે આવેલા વાલ્વમાં લીકેજ હોવાને કારણે સતત પાણી વહી રહ્યું છે. આ સ્થિતિને કારણે રસ્તા પર કાદવ-કીચડનું સામ્રાજ્ય ફેલાયું છે. ઓફિસે કે કામે જતાં વાહનચાલકોના કપડાં બગડી રહ્યા છે અને પાણીને કારણે ટુ-વ્હીલર સ્લીપ થવાની ઘટનાઓ પણ બની રહી છે, જે અકસ્માતને આમંત્રણ આપી રહી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, પાણીની લાઈન સાથે ગટરનું પાણી પણ ઉભરાઈ રહ્યું છે. શુદ્ધ પાણી અને ગટરનું પાણી મિક્સ થવાને કારણે વિસ્તારમાં ગંદકી ફેલાઈ રહી છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. સ્થાનિક નાગરિક ધર્મેશ ઠાકોરે જણાવ્યું હતું કે, "વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. સવારના સમયે પાણીનો વેડફાટ સૌથી વધુ હોય છે." એક તરફ વડોદરાના અનેક વિસ્તારોમાં પાણીની અછતની બૂમો ઉઠે છે, ત્યારે બીજી તરફ લાખો લીટર પાણી રસ્તા પર વહી રહ્યું છે. તંત્રની આ નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વેપારીઓએ માલ ખસેડ્યો, ખાલી ડબ્બા જપ્ત કર્યો

વોર્ડ નં. ૧૩ની દબાણ શાખાની કાર્યવાહીથી વેપારીઓમાં અસંતોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

શહેરના ન્યાયમંદિરની સામે આવેલા મદનઝાંપા રોડ સ્થિત સાઈકલ બજાર ખાતે આજે વોર્ડ નંબર ૧૩ના વોર્ડ ઓફિસરની આગેવાનીમાં દબાણ શાખાની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, વર્ષોથી માથાના દુઃખાવા સમાન રહેલી દબાણની આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. આજે પણ દબાણ શાખાની કાર્યવાહી શરુ થાય તે પૂર્વે જ કોઈ બાતમીદાર દ્વારા દુકાન માલિકોને જાણ કરી દેવામાં આવી હતી. પરિણામે, દબાણ શાખાની ટીમ સ્થળ પર પહોંચે તે પહેલાં જ દુકાનદારોએ પોતાનો માલ-સામાન અને દબાણનો સામાન તાત્કાલિક ખસેડી લીધો હતો. સ્થળ પર મોટા ભાગનું દબાણ હટી ગયેલું જોઈને દબાણ શાખાની ટીમે ફક્ત ખાલી કલરના ડબ્બાઓ જપ્ત કરી સંતોષ માનવો પડ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર વારંવાર થતી આ પ્રકારની 'દેખાવ પૂરતી' કાર્યવાહીને કારણે દબાણની સમસ્યા યથાવત રહે છે. સવાલ એ ઊભો થાય છે કે દબાણ શાખાની કાર્યવાહીની માહિતી સમયસર દુકાનદારો સુધી કોણ પહોંચાડે છે અને શું તંત્ર દ્વારા આ દબાણની સમસ્યાનો કાયમી અને અસરકારક ઉકેલ ક્યારે લાવવામાં આવશે ?

કલા અને સંસ્કૃતિના ધામ સમાન વડોદરામાં પચાસ વર્ષ જૂનુ એક સ્વપ્ન સાકાર થયું

સૌરાષ્ટ્રના પ્રાચીન મોતીકામ અને ભરતકામ માટેના સૌપ્રથમ હોમ મ્યુઝિયમ અને પ્રવૃત્તિ કેન્દ્રનું ઉદ્ઘાટન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

કલા અને સંસ્કૃતિના ધામ સમાન વડોદરામાં સૌરાષ્ટ્રના પ્રાચીન મોતીકામ અને ભરતકામને સમર્પિત તેના પ્રકારનું સૌપ્રથમ હોમ મ્યુઝિયમ અને પ્રવૃત્તિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. વારસો ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્થાપિત આ સંગ્રહાલય લગભગ પચાસ વર્ષ જૂના એક સ્વપ્નની સાકારતા છે–ગુજરાતના આ અમૂલ્ય હસ્તકલા વારસાને ભાવિ પેઢીઓ માટે સાચવવાનો સંકલ્પ. આ સંગ્રહાલયની પ્રેરણારૂપ શક્તિ ડૉ. ગીતા શેઠ ભટ્ટની કળાપ્રતિની અખૂટ ધગશ છે. પચાસ વર્ષ પહેલાં દિલ્હી અને ગોવામાં પ્રાચીન મોતીકામ નષ્ટ થઈ સસ્તી વસ્તુઓ બનતી જોયા બાદ તેમણે આ સુંદર કળાને બચાવવાનો સંકલ્પ કર્યો હતો. ત્યારથી છેલ્લા પાંચ દાયકાઓમાં તેમણે સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રવાસ કરીને દુર્લભ અને અદભૂત મોતીકામ તથા ભરતકામના નમૂનાઓનો વિશાળ સંગ્રહ તૈયાર કર્યો છે. આ કળાનો ઈતિહાસ પણ રસપ્રદ છે. અંદાજે 300 વર્ષ પહેલાં ઈટાલીના ક્રિસ્ટલ મોતી આફ્રિકા મારફતે સૌરાષ્ટ્ર પહોંચ્યા હતા.

સ્થાનિક બહેનોએ આ મોતીમાંથી દીકરીઓના દહેજ માટે અનોખી સજાવટી વસ્તુઓ તૈયાર કરી, જે કાળક્રમે વિશિષ્ટ ઓળખ બની. 1947 પછી ભારતમાં મોતી બનવા લાગ્યા, પરંતુ ઈટાલિયન મોતી જેવી ચમક અને સૌરાષ્ટ્રની વિવિધ જાતિ-સમુદાયોની શૈલિગત વૈવિધ્યતા આ કળાને અનન્ય બનાવે છે. ૮ જાન્યુઆરીથી મ્યુઝિયમ સૌ કોઈ માટે ખુલ્લું મૂકાયું છે. સંશોધકો, કલાકારો અને હસ્તકળા રસિકો માટે આ કેન્દ્ર અધ્યયન-સંશોધનનું મહત્વનું મંચ બનશે. ઉદઘાટન પ્રસંગે અનાર પટેલ, તેજલ અમીન સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી.

મોબાઇલ નહી આપતા ચાકુથી હુમલો

ગોલ્ડન ચોકડી પાસેથી ટ્રાન્સપોર્ટર પાસેથી મોબાઈલ લુંટવાનો પ્રયાસ

હરણી પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

ગોલ્ડન ચોકડી પાસે ટ્રાન્સપોર્ટ પાસેથી બાઈક પર આવેલા ત્રણ લુંટારાઓએ મોબાઈલ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. જેમા પરંતુ વેપારીએમોબાઈલ પકડી રાખતા તેમના પર ચાકુથી હુમલો કરીને કાન કાપી નાખ્યાં બાદ ફરાર થઈ ગયાં હતા. જેથી ટ્રાન્સપોર્ટર દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. મૂળ હરીયાણા અને હાલમાં ગોલ્ડન ચોકડી પાસે આવેલી બીજીઆર ટ્રાન્સપોર્ટ ધરાવતા રાજેશ રાજારામ યાદવ ૪ જાન્યુઆરીના રોજ બાર વાગ્યાના અરસામાં ગોલ્ડન ચોકડી પાસેથી પસાર થતા હતા. તે દરમિયાન ત્રણ જેટલા શખ્સો બાઈક પર તેમની પાસે ધસી આવ્યાં હતા અને આ લુંટારાઓએ તેમની પાસેથી મોબાઈલ ઝુટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ટ્રાન્સપોર્ટ સંચાલકો મોબાઈલ પકડી રાખ્યો હતો. જેથી આ લુંટારાઓ પૈકી મોટર સાયકલ ઉપર બેસેલા બે ઈસમો નીચે ઉતરી તેમની સાથે ઝપાઝપી કરવા લાગ્યાં હતા ત્યારબાદ ટ્રાન્સપોર્ટરને નીચે પાડી દીધા હતા અને તેના બન્ને કાન ઉપર ચપ્પુ મારી અડધા કાન કાપી ભાગી ગયા હતા. જેથી ટ્રાન્સપોર્ટ દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેથી પોલીસે આ લુંટનો પ્રયાસ કરનાર લુંટારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વળતરની માંગ સાથે પરિવરજનોનો વિરોધ,સામાજિક આગેવાનો જોડાયા

જીએસીએલ કંપનીમાં ચાલુ ફરજે ટેપિંગ કામ કરતા કામદારનું મોત

આગેવાનોની મધ્યસ્થીથી કંપની મેનેજમેન્ટે યોગ્ય નિર્ણય લેવા બાંહેધરી આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરાની જીએસીએલ કંપનીમાં ફરજ બજાવતા શ્રમિક મુળજીભાઈ પઢિયારનું ચાલુ ફરજે મોત થયું હતું. જોકે, આ ઘટનામાં કંપની તંત્રની માનવતા મરી પરવારી હોય તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. મૃતકના પરિવારજનોએ આરોપ લગાવ્યા હતા કે, રણોલી ખાતે રહેતા મુળજીભાઈ પઢિયાર જીએસીએલ કંપનીમાં પોતાની ફરજ બજાવી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમનું અવસાન થયું હતું. મુળજીભાઈએ કંપની માટે પોતાનું જીવન ઘસી નાખ્યું, પરંતુ, જ્યારે તેમના મોતના પગલે વળતરની વાત આવી ત્યારે કંપની સત્તાધીશોએ હાથ અધ્ધર કરી લીધા છે. ત્યારે, સામાજિક આગેવાનો પર મૃતકના પરિવારજનોની વ્હારે દોડી આવ્યા હતા અને મૃતક શ્રમિકના પરિવારને તાત્કાલિક યોગ્ય આર્થિક વળતર આપવામાં આવે, કંપની પોતાની જવાબદારી સ્વીકારે, પરિવારના સભ્યને નોકરી કે અન્ય સહાયની ખાતરી મળે તેવી માંગણી કરવામાં આવી હતી અને જ્યાં સુધી કંપની દ્વારા સત્તાવાર રીતે વળતરની જાહેરાત કરવામાં નહીં આવે અને ન્યાય નહીં મળે, ત્યાં સુધી મૃતદેહને નહીં સ્વીકારવા સાથે ન્યાયની માંગ કરી હતી.

બી-બ્લોકના તમામ મીટર બળીને ખાખ થયા

વડોદરાના ગોત્રીમાં 'પરમ પેરાડાઈઝ' ધુમાડાથી ઘેરાઈઃ મીટર બોક્સમાં આગથી અફરાતફરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી વિસ્તારમાં આજે એક રહેણાક ઈમારતમાં આગની ઘટના સામે આવી છે. ગોત્રી સ્થિત 'પરમ પેરાડાઈઝ' સોસાયટીના બી-બ્લોકમાં આવેલા કોમન વીજ મીટર બોક્સમાં અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં અનેક મીટરો બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ મિલકતને નુકસાન થયું છે. આગને કારણે 'બી-બ્લોક'માં લાગેલા તમામ વીજ મીટરો બળીને ખાખ થઈ ગયા છે.

સુરક્ષાના કારણોસર સમગ્ર ઈમારતનો વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો. મીટર બોક્સ સંપૂર્ણ રીતે બળી જવાથી હાલ આ બ્લોકના રહીશો વીજળી વિના મુશ્કેલીમાં મુકાયા છે. વીજ કંપનીના અધિકારીઓને જાણ કરવામાં આવી છે અને નવા મીટર નાખ્યા બાદ જ પુરવઠો પુનઃસ્થાપિત થઈ શકશે. ઈમારતમાં ધુમાડાના ગોટેગોટા ઉઠતા જ ઉપરના માળે રહેતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. કેટલાક રહીશો અગાસી પર દોડી ગયા હતા તો કેટલાક સમયસૂચકતા વાપરી નીચે ઉતરી આવ્યા હતા. ફાયર ટીમની સમયસરની કામગીરીને કારણે આગ વધુ પ્રસરતા અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.

અનગઢ ગામે "પ્રોજેક્ટ કલ્યાણ" અંતર્ગત કિસાન મેળાનું સફળ આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરા જિલ્લાના વખતપુરા, અનગઢ ગામે "પ્રોજેક્ટ કલ્યાણ" અંતર્ગત એક ભવ્ય કિસાન મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કિસાન મેળામાં આસપાસના 21 ગામોમાંથી 300થી વધુ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં અંદાજે 60 ટકા મહિલા ખેડૂત બહેનોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી. "પ્રોજેક્ટ કલ્યાણ"ની શરૂઆત નંદેસરી વિસ્તારના 21 ગામોમાં કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ ખેતી અને પશુપાલનના માધ્યમથી ખેડુતોની આવકમાં વધારો લાવવાનો છે. આ પ્રોજેક્ટ માટે Fulcrum સંસ્થા સ્ટ્રેટેજિક CSR પાર્ટનર તરીકે જોડાયેલ છે, જ્યારે બાયફ સંસ્થા અમલીકરણ એજન્સી તરીકે કાર્યરત છે. કિસાન મેળા દરમિયાન ખેતી, પશુપાલન, પશુ આરોગ્ય, પોષણ તથા આધુનિક ખેતી પદ્ધતિઓ વિષયક વિવિધ નિષ્ણાતો દ્વારા ખેડુતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાજર પ્રગતિશીલ ખેડુતો દ્વારા પોતાના અનુભવો શેર કરવામાં આવ્યા, જે અન્ય ખેડુતો માટે પ્રેરણાદાયી સાબિત થયા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના માનનીય પ્રતિનિધિ શ્રી રાજુભાઈ ગોહિલ પણ હાજર રહ્યા હતા, જેમણે ખેડુતોને પ્રોજેક્ટ કલ્યાણનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે પ્રોજેક્ટ કલ્યાણ સાથે જોડાયેલા ખેડુતોને કિચન ગાર્ડન સામગ્રી તથા ઘાસચારો બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે તબલા વિભાગની દ્વિદિવસીય તબલા કાર્યશાળાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

તબલા વિભાગ, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ ખાતે તબલા વિદ્યાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ અને વિશેષ શૈક્ષણિક વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં દેશના પ્રખ્યાત તબલા વાદક સ્વપ્નિલ ભીસે મુખ્ય સંસાધક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં 70થી વધુ વિદ્યાર્થીઓ, સંશોધકો, તબલા શીખનારાઓ તથા સંગીતપ્રેમીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેનાથી કાર્યક્રમની શૈક્ષણિક સફળતા સ્પષ્ટ રૂપે પ્રગટ થઈ હતી. દેશના પ્રખ્યાત તબલા વાદક સ્વપ્નિલ ભીસે જેઓ તબલા વાદનની પરંપરાગત ગુરુ-શિષ્ય પરંપરાના સમર્પિત અનુયાયી તરીકે ઓળખાય છે.

તેઓએ પંડિત પ્રવીણ કરકરે, પંડિત યોગેશ સમસી જેવા ઉચ્ચ કોટિના વાદકો થી તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે. તેઓ ખાસ કરીને પંજાબ ઘરાનાની તબલા પરંપરાના ઊંડા જ્ઞાન, શક્તિશાળી બોલરચના, લયબદ્ધતા અને સ્પષ્ટ રજૂઆત માટે જાણીતા છે. તેમણે અનેક વર્ષોથી તબલા શિક્ષણ તથા પ્રસ્તુતિના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્કશોપ દરમિયાન તેમણે પંજાબ ઘરાનાની વિવિધ બંધિશોની વિગતવાર સમજ આપી તેમણે કાયદા, ટુકડા, રેલા તેમજ અન્ય પરંપરાગત બંદિશોની રચના, તેમના બોલોનું વિશ્લેષણ, તાલની અંદર તેની ગોઠવણી અને પ્રસ્તુતિની રીત અંગે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું. સાથે સાથે તેમણે બંદિશોના અભ્યાસક્રમ, રियાઝ પદ્ધતિ તથા મંચ પર પ્રસ્તુતિ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મહત્વપૂર્ણ તત્વો પર પણ વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

જેથી વિદ્યાર્થીઓને પંજાબ ઘરાનાની શૈલી, તેની ઊર્જા અને તાલાત્મક વિશેષતા ઓને અનુભવી શકાય. સ્વપ્નિલ ભીસેએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના વિસ્તૃત અને સરળ ભાષામાં ઉત્તર આપીને તેમના સંશયો દૂર કર્યા. પ્રો. ગૌરાંગ ભાવસાર એ જણાવ્યુ હતું કે, આ વર્કશોપ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે આ કાર્યક્રમ અત્યંત લાભદાયી સાબિત થયો હતો.

SOU ખાતે તા.૧૧મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

રાજપીપલા : નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગામી તા. ૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬"નું ભવ્ય આયોજન સરદાર સરોવર નર્મદા બંધના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે થનાર છે. આ કાર્યક્રમનાં પૂર્વ તૈયારીના સુચારૂ આયોજનના ભાગરૂપે આજરોજ મદદનીશ કલેકટર તથા કાર્યક્રમના નોડલ અધિકારી પરસનજીત કૌર સહિત સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકત દરમિયાન પરસનજીત કૌરએ કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક થાય તે હેતુથી સંબંધિત અધિકારીઓને સોંપાયેલ કામગીરી અંગે સ્થળ પર જ વિસ્તૃત ચર્ચા કરી હતી. જેમાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય તેમજ દેશભરમાંથી આવનાર પતંગબાજો માટે જરૂરી વ્યવસ્થાઓ, સ્ટોલની ગોઠવણી, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા.

સ્વામી વિવેકાનંદની ચરણલિથી પાવન થયેલ

દિલારામ બંગલો ખાતે ૧૨ જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

આધુનિક ભારતના ઘડવૈયા સ્વામી વિવેકાનંદજીની 164મી જન્મ જયંતી સોમવાર, 12મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવાશે ત્યારે વડોદરામાં સ્વામી વિવેકાનંદજીની ચરણધૂલિથી પાવન થયેલ અલકાપુરી સ્થિત દિલારામ બંગલો ખાતે વિધાર્થીઓ અને સંસ્કારી નગ રીના નગરજનો સ્વામીજીને પુષ્પાંજલિ આપી શકશે. આ સ્થળે સ્વામીજી રોકાઆ હતા. આ પાવન સ્થળે થી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ હાલમાં અનેક સેવાકીય અને અધ્યાત્મની પ્રવૃત્તિ કરીને સુંદર આભા પ્રખરાવી રહી છે. અહીં સ્વામીજીની પ્રતિમા સૌને આશીર્વાદ આપતી દ્રશ્યમાન થાય છે. તેમની જન્મ જયંતીએ સ્વામીજીના જીવન કવનને જાણવા માટે વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ શિક્ષકો આવીને ધ્યાન, પ્રાર્થના અને સંતોના પ્રેરક ઉદબોધનોનો લાભ મેળવશે.રામકૃષ્ણ મિશન તરફથી આ શુભ દિને યુવાનો અને નગરજનોને વિવેકાનંદજીની પૂર્ણકદની પ્રતિમાને શ્રદ્ધાસુમન આપવા અને તેમના તેજસ્વી અને બળપ્રદ વિચારોને આત્મસાત કરીને પોતાનું જીવન ઉજ્જવલ બનવવા સૌને ઓવકારીયે છીએ. સ્વામીજીના અગ્નિમંત્ર સમા પ્રેરક વાક્યો જેઓ બીજા માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે. શ્રદ્ધા, શ્રદ્ધા, પોતાની જાતમાં શ્રદ્ધા અને ઈશ્વરમાં શ્રદ્ધા આ છે મહાનતાનું રહસ્ય. વીર યુવકો શ્રદ્ધા રાખો કે તમારા સહુનો જન્મ મહાન કાર્યો કરવા માટે થયો ઉપરોક્ત પ્રેસનોટ આપના સુપ્રસિદ્ધ દૈનિક વર્તમાન પત્રમાં છાપી આભારી કરશોજી.

પાણીગેટ ફાયર સ્ટેશન ખાતે નવી ભરતી થયેલા જવાનોની સઘન તાલીમ

વડોદરા : વડોદરા શહેરમાં આગ અને અકસ્માત જેવી કટોકટીની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા વધુ મજબૂત કરવાના હેતુથી વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ દ્વારા નવનિયુક્ત ફાયરમેનો માટે વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ઐતિહાસિક પાણીગેટ ફાયર સ્ટેશન ખાતે આ તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં અંદાજે 100 જેટલા કર્મચારીઓ જોડાઈ રહ્યા છે. નવા ભરતી થયેલા જવાનોમાં પ્રોફેશનલિઝમ અને શિસ્ત કેળવાય તે માટે સવારથી જ તાલીમનો દોર શરૂ થઈ જાય છે. ગુરુવારે પણ નિર્ધારિત સમયપત્રક મુજબ તમામ જવાનો નિયત યુનિફોર્મમાં સજ્જ થઈ તાલીમમાં જોડાયા હતા.

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ

Repco Home Finance

વડોદરા શાખા : ૨૦૩, પહેલો માળ, અર્થ કોમ્પ્લેક્ષ, મલ્હાર પોઈન્ટ પાસે, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જ્યારે ઉધારકર્તા : શ્રી સંદીપ કિશોરલાલ વર્મા S/O શ્રી કિશોરલાલ વર્મા, સહ-ઉધારકર્તા : શ્રીમતી સ્નેહા સંદીપ વર્મા W/O શ્રી સંદીપ કિશોરલાલ વર્મા એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખા પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ તા. ૧૦.૦૩.૨૦૨૨ ના રોજ સરફેસી એકટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમાં તેમને લોન એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૮૦૭ દ્વારા નોટીસમાં ઉલ્લેખિત રકમ તા. ૧૬.૦૩.૨૦૨૨ ના રોજ રૂા. ૨૧,૫૯,૨૯૯/- વત્તા ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે ચુકવવા માટે કહેવામાં આવેલ છે, જેમાં ઉપરોકત નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર ભરી જવા જણાવેલ છે.

ઉધારકર્તા, સહ-ઉધારકર્તાઓ ઉપરોકત માંગણી નોટીસમાં જણાવ્યા મુજબ કંપનીને બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ તા. ૨૨.૦૬.૨૦૨૪ ના રોજ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ કબજો જારી કરીને નીચે આપેલા શિડયુલમાં વધુ સંપૂર્ણ રીતે વર્ણવેલ મુકરર મિલકતનો કબજો લીધો છે.

ઉધારકર્તાઓએ તેમની બાકી રકમ સંપૂર્ણ ચુકવવામાં નિષ્ફળ જતા, મુકરર દેવાદાર, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ કંપનીને બાકી રકમ ચુકવવા માટે કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ "જેમ છે ત્યાં છે" અને "જેમ છે જે છે તે મુજબ" માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે. લોન એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૮૦૭ દ્વારા ઉધારકર્તાની તા. ૧૭.૧૨.૨૦૨૫ ના રોજ રૂા. ૩૫,૧૩,૯૧૨/- હેઠળ છે.

ઈ-હરાજીની તારીખ/સમય : ૧૩.૦૨.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી ૦૧પોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એકસટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૨.૦૨.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગે

મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથે "વેદ રહેઠાણ-II" નો ફલેટ નં.A- ૪૦૪, ટાવર-A, ચોથો માળ, બિલ્ટ-અપ એરિયા ૮૦૦.૦૦સ્કે.ફૂટ, જમીન ધરાવતી બિન-ખેતી જમીન R.S.No.1010/2, T.P.44, (બાપોદ) ફાઈનલ પ્લોટ નં.૧૬૭, ૮૦૯ સ્કે.મી. ક્ષેત્રફળ, ગામ: બાપોદ, વડોદરા, તા. અને જિલ્લો: વડોદરા, માં સ્થિત મિલકત, જેની ચતુઃસીમા ધરાવે છે: પૂર્વમાં: ખુલ્લી જગ્યા અને ટાવર બી, પશ્ચિમમાં: ઓટીએસ અને ફલેટ નં.એ-૪૦૩ અને કોમન વોલ, ઉત્તરમાં: આર.એસ.નં. ૧૦૦૮ મિલકત, દક્ષિણમાં: કોમન પેસેજ, ઓટીએસ અને લિફટ.

અનામત કિંમત ₹ 20,16,000/- ઈએમડી (અનામત કિંમતના ૧૦%) ₹ 20,01,600/- ન્યૂનતમ બીડ વધારાની રકમ ₹ 25,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. સીરૂ ઈન્ડિયા પ્રા. લિમીટેડ, પ્રબાકરણ - ૭૪૧૮૨૮૧૭૦૯ નો સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં બ્રાન્ચ હેડ, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખાનો સંપર્ક નં. ૦૨૬૫-૨૩૩૧૨૨૪ અને ૯૦૯૯૯-૩૬૧૦૧નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૯.૧૨.૨૦૨૫ અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ

REQUIRED

SBPP Co-operative Bank Ltd.

(Scheduled Bank)

Head office: Parsi Strret, Killa - Pardi, Dist - Valsad -396125

Mobile No.6357937601

Website - www.pardipeoplesbank.in

[Established : 1930] PROUDLY CO-OPERATIVE

A leading Co-operative Bank in Valsad District requires Junior Officers with Age Minimum 20 years and not more than 33 years (as on 31-12-2025), Candidate should be Graduate (preferably in commerce) preference would be given to those candidates having two years full time Post-Graduate qualifications in Management/ commerce /economics from recognized university / Govt recognized institute along with basic computer literacy. Please specify experience in Banking or Finance (if any). Salary will be as per Bank's Norms. Send your application so that it reaches to bank within 10 days from the date of advertisement along with resume, testimonials, experience certificates and two recent Passport size Photo Graphs in a sealed Envelope Marked as "Application for the post of Junior Officer " addressed to the Chairman, SBPP Co-operative Bank Ltd., Parsi Street, Killa-Pardi, Dist- Valsad, Pin - 396125 (Gujarat).

Date 09-01-2026 Bharatbhai Kikubhai Patel
Chairman (I/C)